Commissioner of School
Guj. State
Gandhinagar

## શાળા ફાળવણી થયેલ ઉમેદવારો માટે શાળા ફાળવણી પત્ર તથા નિમણૂક હુકમ મેળવવા અંગેની સુચનાઓ

- સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા અન્વયે વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે ઉમેદવારો દ્વારા અપાયેલ શાળા પસંદગી તથા મેરીટના આધારે ઉમેદવારોને તેઓની પસંદગીની શાળા ફળવાયેલ છે જેની વિગતો વેબસાઈટ www.gserc.inપર મુકવામાં આવેલ છે.તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની SMS થી જાણ કરેલ છે.
- જે ઉમેદવારોએ ઓનલાઇન શાળા પસંદગી આપેલ નથી તેવા ઉમેદવારોની યાદી અલગથી મુકવામાં આવેલ છે.મૂળ જાહેરાત-૨૦૧૯ માં સુચવ્યા મુજબ ઓનલાઇન શાળા પસંદગી ન આપનાર ઉમેદવારો ભરતી પ્રક્રીયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રીયામાંથી બાકાત કરવામાં આવેલ છે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ તા.૦૨/૦૧/૨૦૨૧ના રોજ બપોરે ૩.૦૦ કલાકથી તા.૦૭/૦૧/૨૦૨૧ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક દરમ્યાન વેબસાઈટ પરથી પોતાનો શાળા ફાળવણી પત્ર મેળવવાનો રહેશે.
- ઓનલાઇન શાળા ફાળવણી પત્ર મેળવવા માટે, ....................................
  - ઓનલાઇન શાળા ફાળવણી પત્ર મેળવવા માટે ઉમેદવારો જે રીતે ઓનલાઇન જિલ્લા પસંદગી અને શાળા પસંદગી માટે લોગઇન થયા હતા તે જ રીતે લોગઇન થવાનુ રહેશે.
  - ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ Apply for Secondary Government વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
  - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
  - લોગઈન થતાં ઉમેદવારના ઓનલાઈન અરજીફોર્મમાં રજિસ્ટર્ડ મોબાઈલ પર OTP આવશે. જે OTP એન્ટર કરતાં સ્ક્રીન પર ડાઉનલોડ સ્કૂલ એલોટમેન્ટ લેટર ઓપ્શન ક્લીક કરતાં શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ થઈ શકશે અને તેની PRINT મેળવી શકાશે.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ શાળા ફાળવણી પત્રમાં દર્શાવ્યા મુજબ તારીખ, સમયે અને સ્થળે પોતાનો નિમણૂક હુકમ મેળવવા હાજર રહેવાનુ રહેશે.
- જિલ્લા કક્ષાએ સૂચવેલ સમયે અને તારીખે ગેરહાજર રહેનાર ઉમેદવાર નિમણુક માટે હક્દાર રહેશે નહીં અને આ અંગે ઉમેદવારની કોઇપણ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
- ઉમેદવારે જિલ્લા મથકે પોતાના શાળા ફાળવણી પત્રની નકલ,તમામ અસલ પ્રમાણપત્રો/ગુણ પત્રકો/ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલ સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે.
- જો ઉમેદવાર COVID-19 પોઝીટીવ હોય/ક્વોરન્ટાઈન/કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય તો ઉમેદવારે સૂચવેલ સમયે અને સ્થળે તમામ આનુસંગીક આધારો સહ નિમણૂંક હુકમ મેળવવા માટે અન્ય કોઈ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર આપી હાજર રાખવાના રહેશે તદ્દનુસાર શાળામાં હાજર થવાની તારીખમાં પણ છૂટછાટ મેળવવા જિલ્લા કક્ષાએ જરૂરી પ્રક્રીયા કરવાની રહેશે.
- શિ.વિ.ના તા.22/03/2017ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે જે ઉમેદવાર સરકારી અથવા ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળામાં સેવા બજાવતા હોય અને પોતાની

Commissioner of School
Guj. State
Gandhinagar

નિમણૂંકની તારીખથી 03 વર્ષનો સમયગાળા પહેલા રાજીનામુ આપી તા.૧૯/૧૧/૨૦૨૦ના રોજ સદર શાળા ફાળવણીથી નવી નિમણૂંકમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારે રૂ. ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) રાજ્ય સરકારમાં જમા કરાવવાના રહેશે.

- શિ.વિ.ના તા.22/03/2017 ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે ઉમેદવારે ફરજિયાતપણે 300/- રૂ.ના સ્ટેમ્પ પેપર પર નિયત નમૂનામાં જામીનખત નિમણૂંક મળેથી એક માસમાં રજૂ કરવાનો રહેશે.જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.(જામીનખત નો નમૂનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે)
- નિમણૂંક હુકમની તમામ શરતો ઉમેદવારને બંધનકર્તા રહેશે.
- નિમણૂંક હુકમ મેળવવા અન્વયે ઉમેદવારોએ પોતાના અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રકો ખરાઇ અર્થે જિલ્લા કચેરીએ 6 મહિના માટે જમા કરાવવાના રહેશે.
- રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથી લાયકાત મેળવેલ ઉમેદવારોના કિસ્સામાં જિલ્લા કચેરી દ્વારા જે તે યુનિવર્સીટીમાંથી ગુણપત્રકો/પ્રમાણપત્રો તેમજ અન્ય જરૂરી આધારોની ખરાઈ બાદ જ ઉમેદવાર નિમણૂંકને હક્કદાર બનશે.
- કોરોના મહામારીની પરિસ્થિતિને ધ્યાને લેતાં જો ઉમેદવાર પોતાના શાળા ફાળવણીપત્રની હાર્ડ કોપી મેળવી શકે તેમ ન હોય તો ઉમેદવાર શાળા ફાળવણીપત્ર પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી જિલ્લા કક્ષાએ સોફ્ટ કોપીમાં રજૂ કરી શકશે.
- નિમણૂંક હુકમ મેળવવાના સ્થળે ઉમેદવારોએ કોવીડ-૧૯ના કારણે ફેલાયેલ મહામારી અંતર્ગત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ વખતોવખતની ગાઇડલાઇનનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સહુનું શિક્ષણ વિભાગમાં સ્વાગત કરે છે અને આપસૌને શિક્ષણ વિભાગના સનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.